11100-27

ખાસ અગત્યનુ

ક્રમાંક :– ઉમબ/ઉમા.૮–૯/૨૦૧૩/
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૨૪–૧૨–૨૦૧૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– માધ્યમિક વિભાગમાં વર્ગ ઘટાડાના કારણે ફાજલ થતા શિક્ષકોને કારકુન સંવર્ગની બિન શૈક્ષણિક ની જગ્યાઓમાં સમાવેશ કરવા બાબત અન્વયે ફાજલ શિક્ષકો ને સમાવેશ કારકુન સંવર્ગની જગ્યા પર કારકુનની બઢતી સમયે શાળામાંથી ઉઠાવી લેવા બાબત

સંદર્ભ :– ૧. આ કચેરીનો તા. ૨૩–૩–૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંક માધ્ય/પે.૩/૯૯–૨૦૦૦/૪૫૧૫–૪૨

૨. આ કચેરીનો તા. ૧૬–૩–૨૦૦૨ નો પરિપત્ર ક્રમાંક ઉમબ/ઉમશ/ફાજલ/૪૧૨૫–૫૧

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનુ કે, તા. ૨૦–૧૨–૨૦૧૩ ના રોજ પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની એક બેઠક માનનીય આયુકતશ્રી સમક્ષ રાખવામાં આવેલ જેમાં પ્રમુખશ્રીએ રજુઆત કરેલ છે કે, ઘણા જીલ્લામાં કારકુન સંવર્ગની જગ્યા ઉપર ફાજલ શિક્ષકને સમાવવામાં આવે છે પરંતુ જયારે કારકુન ને બઢતી આપવાના સમયે સમાવેશ ફાજલ શિક્ષકને કારણે બઢતી આપવામાં આવતી નથી.

ઉકત રજુઆત સંદર્ભે જણાવવાનુ કે, આ કચેરીના સંદર્ભિત તા. ૨૩–૩–૨૦૦૦ તથા તા. ૧૬–૩–૨૦૦૨ના પરિપત્રથી (નકલ સામેલ છે) સુચના આપવામાં આવેલ છે કે, જયારે પણ બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી ઉપર અસરો થતી હોય તેવી જગ્યા પર મુકવામાં આવેલ ફાજલ કર્મચારીને તાત્કાલિક અસરથી ઉઠાવી લેવા."

આમ આપના જીલ્લામાં બિન શૈક્ષણિક કર્મચારીઓને જયારે બઢતી નો પ્રસંગ ઉભો થાય ત્યારે આ કચેરીના તારીખ ૨૩–૩–૨૦૦૦ તથા તા. ૧૬–૩–૨૦૦૦૨ ના પરિપત્ર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સયુંકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ થવા સારુ.....

પ્રમુખશ્રી,
ગુજરાત રાજય માધ્યમિક અને ઉ.મા.શાળા વહીવટી કર્મચારી મહામંડળ,
શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ,
મોડાસા – ૩૮ ૩૩ ૧૫ જી. સાબરકાંઠા